સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫૧

સત્તાપ્રેમી નેતાઓની કાપકૂપનું કારણ છે,
અંદરોઅંદર વેરભાવ કાલકૂટ કારણ છે,
ઘાટઘૂટ વિનાનું છે આયોજન ચૂંટણીલક્ષી -
એમની હારના પાયામાં ફાટફૂટ કારણ છે..
(કૉંગીનું પતન)

સૂર્ય પ્રવાસે,
અને ગાંધીનગર -
વાદળ છાયું!

લાગી ઉઘઇ
વણકર ભવને -
રાજકારણી..

ચિંતન

નિઃસ્પૃહો ના અધિકારી સ્પન્નાકામી મંડન પ્રિયઃ ।
ના અવિદગ્ધઃ પ્રિયં બ્રુયાત સ્ફૂટવક્તા ન વંચકઃ ॥

'ચાણક્ય' આ શ્લોકમાં માણસના સ્વભાવનું વિશ્લેષણ આપે છે :

ચાણક્યની માન્યતા મુજબ કોઇ પણ અધિકારી, હોદ્દેદાર લોભરહિત નથી હોતો (ચાહે તે સરકારી કચેરીમાં હોય કે ખાનગી પેઢીમાં) કોઇ પણ રીતે પોતાના લાભ-ફાયદા-સ્વાર્થનો તો વિચાર રાખે જ છે. જે માણસને ટાપટીપ-શૃંગાર સજવા (વારંવાર દંતીયો-અરિસો અને સ્પ્રે-પાઉડરને છોડતો નથી) તૈયાર થવામાં કલાકો બગાડતો હોય તેનામાં કામ-વાસના અધિક હોય છે.

એ જ વ્યક્તિ જે તડફડ કરે-નિખાલસ હોય એના હૃદયનાં કૂળ-કપટ નથી હોતા આવા વ્યક્તિ બોલવામાં મધુરભાષી નથી હોતા કોઇને ઉદ્ધત-તોછડા પણ કદાચ લાગે પણ એમનાં સ્પષ્ટ વ્યક્તવ્યમાં 'સત્ય' સદાય ટપકતું હોય છે એવા વ્યક્તિ પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકાય.

નિષ્ઠાવાન અધિકારી પણ યોગ્ય સમયે પોતાની વફાદારી અને નિષ્ઠાને કોઇ બિરદાવે અને એ નિષ્ઠાનું પણ 'સન્માન' થાય એવી ઊંડે ઊંડે પણ સ્વાર્થ-લોભ હોય જ છે. કોઇ જ અપેક્ષા વિના આજના જમાનામાં કોઇ, કંઇ જ કરતું નથી.

શૃંગારનો સીધો સંબંધ વાસના સાથે છે.

સ્પષ્ટવક્તા, સાચો-વિશ્વાસુ, નિખાલસ હોય છે.

સુવિચાર

- ચારિત્ર્ય પરિવર્તન થતું નથી, વિચાર પરિવર્તન થાય છે, અને ચારિત્ર્ય વિકસીત કરી શકાય છે - *જ્ઞાનમૂત્ર*
- ધનિકનાં એક આંસુથી જ સર્જાશે મહાભારત, દુઃખીના સ્મિતને એથી અમે ગીતા બનાવી છે - *નૂર દીવાની*
- જે સમજશક્તિ અદ્‌ભૂત આયોજનો કરવામાં વપરાય છે તે સમજશક્તિ જો જીવનને સમજવામાં વપરાય તો આપણે હળવુફુલ જીવન જીવી શકીએ - *એસ.ભટ્ટાચાર્ય*
- મુસીબતો એ તો તમને ક્યારના છોડી દીધા છે, તમે મુસીબતોને છોડી દો એટલી વાર છે - *સ્વિસ કહેવત*
- સંબંધોની કસોટી વિપત્તિ છે, વિપત્તિ વિના સંબંધની કસોટી થઇ જ ન શકે- *સચ્ચિદાનંદ*
- પડછાયાથી ગભરાશો નહી, કારણ કે તમારો જ પડછાયો જણાવે છે કે પ્રકાશ તમારી આસપાસમાં ક્યાંક છે જ - *સંત જોસેફ*
- કહે છે તક... મને જો તમે ના ઝડપશો... ખરેખર પછી જિંદગીભર તડપશો - *જનકલ્યાણ*

(સંકલન : દીપક બી.આસરા)

બોધ કથા

કેટલાક લોકોની પોતાની ધનસંપત્તિ, જર-જમીન-બંગલા-ફાર્મહાઉસ હોવાનો અને બતાવવાનો બહુ શોખ હોય છે ક્ષણ જીવી, નાશવંત સંપત્તિ અને શરીર કંઇ જ સ્મશાન પછી ચાલવાનું નથી. એનું આટલું અભિમાન શું?!

એક શેઠને આવી ટેવ હતી-મહેમાનો-સગાંવહાલાં-સંત-ફકીર-ઓલિયા-કથાકારોને પોતાને ત્યાં નિમંત્રણ આપે, દક્ષિણા-ભોજન આપે પણ આખા બંગલામાં ફેરવી ફેરવી પોતાની સુખ-સગવડ સંપત્તિ બતાવી મનમાં છૂપો ગર્વ અનુભવે-

એક મસ્ત ફકીર ઓલિયાને પણ આ રીતે જ આમંત્રણ આપ્યું - અને દક્ષિણા-ભોજનની તો ના પાડી પણ માત્ર દૂધ લીધું - અને આખા 'બંગલા'નો 'પ્રવાસ' કર્યો - અને શેઠ ગર્ભિત સ્મિત સાથે ઓલીયા સામે હાથ જોડી ઊભો રહ્યો અને કહ્યું, 'સાંઇ, મને કંઇક આશીર્વાદ'-બોધવચન આપતા જાવ.'

ફકીર કહે તારે ત્યાં વિશ્વનો નકશો કે ગોળો છે? નકશો હાજર કર્યો - ફકીરે કહ્યું આમાં તારૂં રાજ્ય-નગર શોધી બતાવ - શેઠે રાજ્યનો નાનો રંગીન ભાગ બતાવ્યો -પછી ફકીર કહે આમાં તારો જિલ્લો-નગર-શહેર છે? શેઠે પોતાનું જ્ઞાન દર્શાવતાં કહ્યું - બાબાજી આ તો વિશ્વનો નકશો છે આમાં મારા નગરની કોઇ નોંધ મહત્ત્વ ન હોય!

ફકીર કહે આ બ્રહ્માંડમાં તો ઇશ્વર તારા વિશ્વની નોંધ પણ નથી લેતો - એમાં તને તારા બંગલાનું કેટલું મહત્ત્વ છે? 'શેઠ, આ ક્ષણજીવી-નાશવંત સંપત્તિનો મોહ મૂકો..'

શેઠ ઓલીયાના પગે પડી રહ્યો...

Email - sureshchandrabhatt18@gmail.com

દરેકને કોઇને કોઇ પ્રકારનો શોખ હોવો જરૂરી છે, મનુષ્ય એના સંસ્કાર અને એની પ્રકૃતિ અનુસાર શોખ વિકસાવતો હોય છે, શોખ માણસને ઘડે છે

પરમ કૃપાળુ પરમાત્માએ આપણને સુંદર જીવન આપ્યું છે. સૃષ્ટિની સમગ્ર જીવસૃષ્ટિમાં મનુષ્ય એ પરમાત્માનું ઉત્કૃષ્ટ સર્જન છે. વિજ્ઞાન પણ જેનો પાર ન પામી શકે એવી અદ્‌ભૂત શરીરરચના, સમુદ્રના અગાધ ઊંડાણ જેવી મનોરચના, સર્જનશીલ - સ્વપ્નશીલ એવું સમુદ્ર ભાવવિશ્વ, ચૈતન્યસભર પ્રાણશક્તિ તેમજ વેદના-સંવેદના-સ્પંદનોથી ભરપૂર ચૈતસિક આવેગોથી યુક્ત મનુષ્યનું સર્જન પરમાત્માના સૂક્ષ્મ અસ્તિત્વની સતત પ્રતીતિ કરાવતું રહે છે.

આ જીવનને જીવવા જેવું, મસ્તીભર્યું બનાવવું એ આપણા હાથમાં છે. જીવનરૂપી ચિત્રપોથીમાં કેવા રંગ પૂરવા એ આપણે નક્કી કરવાનું છે. ઇન્દ્રધનુષની જેમ એને સપ્તરંગી બનાવી શકાય. આપણે આપણા જીવનમાં પૂરેલા રંગોથી રંગીન બનેલું જીવન-ચિત્ર જોઇ અનેક આનંદિત થશે. કર્મશીલતા અને ક્રિયાશીલતા ધબકતા જીવનનાં લક્ષણો છે. કોઇ પણ કર્મ કે ક્રિયાને નીરસ બનાવવી કે સરસ બનાવવી એ આપણા હાથમાં છે. પ્રક્રિયા જ્યારે ભારરૂપ લાગે ત્યારે તે નીરસ બને. જીવનનો આનંદ ઊડી જાય. માટે ડગલે ને પગલે જીવનને રસસભર બનાવવું જોઇએ. જીવનમાં સુખ પણ આવે ને દુઃખ પણ આવે. સુખ-દુઃખ પરસ્પર વિરોધી શબ્દો છે. સુખ અને દુઃખની પરિસ્થિતિમાં ગમે ત્યારે પરિવર્તન થઇ શકે, એ ચિરંતન નથી. પરંતુ 'આનંદ'નો વિરોધી શબ્દ કોઇ નથી. આનંદ એ પરમ આનંદ સ્વરૂપ પરમાત્માના અંશરૂપ તત્ત્વ છે અને તેથી એમાં ચિરંતના છે. માટે સુખ અને દુઃખને જીવન-ચક્રડોળમાં ઉપર નીચે આવવા દઇ સહજ સ્વીકાર્ય બનાવવાં જોઇએ અને 'આનંદ' નામનાં તત્ત્વની આરાધના કરવી જોઇએ.

થોડી આધ્યાત્મિક લાગતી વાતો કરી લીધી... પણ એમાં જીવનનું રહસ્ય સમાયેલું છે, જીવનનો આનંદ સમાયેલો છે. પણ હવે આપણે જીવનને આનંદમય બનાવવાની ગુરૂચાવી (માસ્ટર કી) શોધવાની છે. આનંદના ભંડારને ખોલવાની ચાવી છે શોખ! માણસે શોખનો શાબ્દિક અર્થ છે - હોંશ, ઉમંગ, આનંદપૂર્વક-રસપૂર્વક કરાતી ક્રિયા. 'શોખ'ને આપણે સામાન્ય રીતે છીછરા અર્થમાં વાપરતા હોઇએ છીએ. પત્તા રમવાનો શોખ, કેરમ રમવાનો શોખ, ક્રિકેટ રમવાનો શોખ, ફરવાનો શોખ, ગપ્પાં મારવાનો શોખ... એવા અસંખ્ય પ્રકારના શોખની લાંબી યાદી બનાવી શકાય. આ બધા આપણી કર્મેન્દ્રિયોને આનંદ આપનારા શોખ છે. દારૂ-જુગાર-ગુટખાનો શોખ કર્મેન્દ્રિયોને વિકૃત આનંદ આપી ભડકાવવાનું કામ કરે છે. એ બધા શોખ આપણી કર્મેન્દ્રિયોને ક્યારેય સંતૃપ્ત થવા દેતા નથી, સદૈવ અતૃપ્ત જ રાખે છે. એ વાસનાજન્ય શોખ છે. આ સંદર્ભે એક સુંદર ઉક્તિ માણવા જેવી છે -

"વાસના એક જ વાત કરે છે, બને એટલો સૌનો ઉપયોગ કરી લો;
પ્રેમ એક જ વાત કરે છે, બને એટલો સૌને ઉપયોગી બની જાવ."

અગ્નિનાં બે સ્વરૂપ છે - જવાળા અને જયોત. જવાળા બાળે છે, જયોત ઉજાળે છે. એ જ રીતે શોખના બે આયામ છે - વાસનાજન્ય શોખ અને પ્રેમજન્ય શોખ. વાસનાજન્ય શોખ ભડકાવે છે, કર્મેન્દ્રિયોને પ્રદિપ્ત કરે છે. પ્રેમજન્ય શોખ માણસને સજાવે છે, શોભાવે છે, જ્ઞાનેન્દ્રિયોનો વિકાસ કરે છે. વાસનાજન્ય શોખ જીવનના સત્ત્વનું બાષ્પીભવન કરી એની વરાળ બનાવી ઉડાડી દે છે જ્યારે પ્રેમજન્ય શોખ સત્ત્વને ઉષ્મા બક્ષે છે, એનું જતન અને સંવર્ધન કરે છે.

માટે એ સમજવાની જરૂર છે કે શોખ કેવા પ્રકારના વિકસાવવા. પ્રેમજન્ય શોખની શ્રેણીમાં આવી શકે - સંગીતનો શોખ, વાચનનો શોખ, પ્રકૃતિદર્શનનો શોખ, સાહિત્યનો શોખ, ભણાવવાનો શોખ, સેવાનો-મદદરૂપ થવાનો શોખ, નૃત્યનો શોખ, ભજનનો શોખ, ચિત્રકામનો શોખ વગેરે... આ બધા શોખ જ્ઞાનેન્દ્રિયોને સતેજ કરે છે.

આપણે યાદ રાખવું જોઇએ કે પ્રેમ અને જ્ઞાન જીવનરથનાં બે પૈડાં સમાન છે. ઇચ્છા એવી સેવવી કે જેથી પ્રેમ અને જ્ઞાન વધે. વિશુદ્ધ પ્રેમ એ જ ઇશ્વરનું સાચું સ્વરૂપ છે... અને જ્ઞાન સત્ય શોધનનું પ્રથમ સોપાન છે. સત્ય અને પ્રેમ દ્વારા જ પરમાત્માનું દર્શન થાય છે. મનોજ ખંડેરિયાએ એક સુંદર ગઝલ રચી છે -

બધાનો હોઇ શકે, સત્યનો વિકલ્પ નથી;
ગ્રહોની વાત નથી, સૂર્યનો વિકલ્પ નથી.

શોખ એવા વિકસાવીએ કે પ્રેમ, જ્ઞાન અને સત્યની નજીક જવાય. શોખ મજાની વાત છે. ક્યારેક એ શોધને પણ જન્મ આપે છે. હમણાં 'સાધના' સાપ્તાહિકમાં એક સમાચાર વાંચ્યા. ભૌમિક પટેલ નામના યુવાને દોઢ વર્ષની મહેનત બાદ એક એવી હાઇડ્રોજન કીટ તૈયાર કરી છે કે જેની મદદથી એણે ૬૩૦ મિલિમીટર પાણી વડે બાઇકને ૨૨ કિ.મી. ચલાવવામાં સફળતા મેળવી છે. એ કહે છે - "આ મોડેલ મેં મારા શોખથી જ તૈયાર કર્યું છે." યુવાનોનો બાઇક ચલાવવાનો શોખ તો સર્વવિદિત છે, પણ કોઇ યુવાનનો સંશોધનાત્મક શોખ આખા સમાજને ઉપયોગી નીવડે છે.

એવી જ રીતે મેં એવા ઘણા લોકો જોયા છે, જેમને અનેકવિધ પ્રકારના શોખ હોય છે - કોઇને ટપાલટિકીટ ભેગી કરવાનો, કોઇને દેશ-વિદેશમાં ચલણી નોટો અને સિક્કાઓ ભેગા કરવાનો તો કોઇને સેલિબ્રિટીઝના ઓટોગ્રાફ્સ લેવાનો!

એકવાર એક યુવાન સુભાષચંદ્ર બોઝના ઓટોગ્રાફ લેવા દોડી ગયો. સુભાષબાબુએ વેધક નજરે જોયું અને એના હાથમાંથી ડાયરી ફેંકી દીધી અને પૂછ્યું, "તું મારા ઓટોગ્રાફ લેવા કેમ ઇચ્છે છે?" યુવાને જવાબ આપ્યો, "હું તમારા કામનો પ્રશંસક છું. તમે દેશ માટે સરસ કામ કરો છો માટે..." સુભાષબાબુએ કહ્યું, "તું મારી સહી લઇને બેસી રહે તેના કરતાં હું જે કામ કરૂં છું તેમા સાથ આપ..." અને યુવાન 'આઝાદ હિંદ ફોજ'માં જોડાઇ ગયો. સુભાષબાબુએ એની સૈનિક તરીકે નિમણૂક કરી અને એની પીઠ થાબડીને કહ્યું, "તારી સૈનિક તરીકેની નિમણૂકના કાગળ પર મારી ઓટોગ્રાફ આપતાં હવે હું આનંદ અનુભવું છું."

શોખ છે તો... જીવન છે !
- હર્ષદ પ્ર. શાહ

એવો એક સમય હતો કે જ્યારે આ દેશના યુવાનોને દેશની સ્વતંત્રતા માટે શહીદ થઇ જવાનો શોખ હતો. અંગ્રેજીમાં જેને Passion કહે છે એનું કારણ અને એનો આધાર જેટલો સમાજલક્ષી તેટલી જ એની મહત્તા વધારે. રવિશંકર મહારાજે સમાજના છેવાડાના માનવીની સેવા જીવનપર્યંત કરી... એ જ એમના જીવનનું ચાલક બળ હતું. એ કામ કરતાં જે કષ્ટો આવતાં તેણે તેમણે ફૂલની જેમ પ્રેમ કર્યો. સાવરકરજીએ એક બહુ સરસ વાત કરી છે -

દૈવકાર્ય માટે નિર્દેશ થઇ જનારી
વંશ - લતા અમર થઇ જાય છે...

સ્વપ્નો સેવવાં એ માણસને સ્વભાવ છે. સ્વપ્નોનો પૂરાં કરવા નિર્ણાયક પ્રયત્નોની જરૂર હોય છે, તીવ્ર અને કઠોર પરિશ્રમની જરૂર હોય છે. કોઇ ચિંતકે કહ્યું, 'સ્વપ્નોને તમારી આંખોમાં ન આંજો, એ આંસુ બનીને વહી જશે. સ્વપ્નોને તો હૃદયના ધબકારામાં રાખો, તો એ પ્રતિપળ તમને યાદ કરાવશે.'

ઘણી વખત મનુષ્યના વિશિષ્ટ પ્રકારના શોખ એના જીવવાનું કારણ બની જાય છે, જીવનધ્યેયનું રૂપ ધારણ કરી લે છે અને માટે જ શોખ છે, તો જીવન છે.

દરેકને કોઇને કોઇ પ્રકારનો શોખ હોવો જરૂરી છે. મનુષ્ય એના સંસ્કાર અને એની પ્રકૃતિ અનુસાર શોખ વિકસાવતો હોય છે. શોખ

(અનુસંધાન પાના નં. ૬ પર)

ખૂન નાલી મેં નહિ બલ્કે નાડી મેં બહાવો : બાબા હરદેવસિંહજી મહારાજ

સંત નિરંકારી મિશન

(એક પરિચય ભાગ-૫)

- લક્ષ્મી વાઘવાણી (નિરંકારી)

(ગતાંકથી આગળ...)

● **નિરંકાર :**

નિરંકાર પરમ અસ્તિત્વ, પરબ્રહ્મ અકારવ,અછેદ, અભેદ, અમર, અજર, અનંટ, અવિનાશી, અડોલ, અચંચળ, શાંત તથા એકરસ છે. આ પરમ અસ્તિત્વ સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વવ્યાપક છે. એને કોઇ રંગ-રૂપ કે આકાર નથી. આ નિરાકાર જ નિરંકાર છે.

- આ ઓળખ નિરંકાર (બ્રહ્મ)ની છે. નિરંકાર સિવાય બીજા કશામાં આ બધી નિશાનીઓ જોવા મળતી નથી. સંત નિરંકારી મિશન આજ પરમ અસ્તિત્વની અનુભૂતિ કરાવે છે. અર્થાત જ્ઞાનચક્ષુઓ વડે દર્શન કરાવે છે.

- પરબ્રહ્મ નિરાકારનું જ્ઞાન દુર્લભ છે. આ જ્ઞાન પ્રભુ કૃપા દ્વારા ઘણા સૌભાગ્યથી મળે છે. બધાં ધર્મગ્રંથો અનુસાર યુગો-યુગોથી આ જ્ઞાન કેવળ સદ્‌ગુરૂના માધ્યમથી જ પ્રાપ્ત થયું હોય છે/થતું આવ્યું છે. આજે વર્તમાન યુગમાં સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ વિશ્વભરના જિજ્ઞાસુઓને આ જ્ઞાન પ્રદાન કરી રહ્યા છે. અર્થાત્ બ્રહ્માનુભૂતિ કરાવી રહ્યા છે.

● **સમાજનું કલ્યાણ :**

પરમાત્માનું જ્ઞાન થયા પછી મનુષ્ય દેવતા તરફ વળે છે. ફળ સ્વરૂપે બધાં માનવીય ગુણો તેના વ્યવહારમાં જોવા મળે છે. આ માનવીય ગુણોથી પ્રેરિત થઇને જ નિરંકારી સંતજન સમાજ કલ્યાણના અનેક કાર્યોમાં આગળ પડતો ભાગ લે છે.

- નિરંકારી મહાપુરૂષ જ્યાં સંપૂર્ણ માનવતા પ્રત્યે સજાગ છે. તેની સાથે પોતાના દેશ પ્રત્યે જે કર્તવ્ય હોય છે તે પણ ઘણી નિષ્ઠાપૂર્વક નિભાવવામાં કોઇ પણ દેશભક્ત નાગરિક કરતાં પાછળ નથી. આજે સદ્‌ગુરૂ બાબાજી માનવતાના હેતુસર સમાજ કલ્યાણના અનેક કામો કરી રહ્યા છે. તેમાં રક્તદાન શિબિર, નેત્ર ચિકિત્સા, સ્વાસ્થ્ય-તપાસ શિબિર વગેરે તો એક નિરંતર પ્રક્રિયા બની ગયા છે.

- નિરંકારી બાબાજી રક્તદાનનાં સંદર્ભમાં કહે છે કે 'રક્ત તો વહેવું જ જોઇએ. પરંતુ નીકોમાં (ગટરમાં) નહિ પણ મનુષ્યોની નસોમાં (ખૂન નાલી મેં નહિ બલ્કે નાડીમેં બહાવો) ભક્ત બીજાનું રક્ત વહાવતા નથી, પોતાનું રક્ત દાન કરે છે. જેથી કરીને તે રક્ત બીજાની રગોમાં વહીને તેમને જીવન પ્રદાન કરી શકે.'

- આ નિરંકારી ભાઇઓ-બહેનો એવું જ માને છે કે, 'રક્તદાન કરીને તેઓ બીજા પર કોઇ અહેસાસ નથી કરી રહ્યા કેમ કે, તેમના મત મુજબ આ એક માનવીય કર્તવ્ય છે. આ પ્રકારે નિરંકારી મહાપુરૂષ બીજા મનુષ્યો જોડે લોહીની સગાઇ બાંધવામાં પૂર્ણ સફળ થઇ જાય છે.'

- બ્રહ્મ વિદ્યાની સાથે સાથે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ પણ ચલાવવામાં આવી રહી છે. જેથી વિદ્યાર્થીઓ સાંસારિક શિક્ષણ મેળવી સારા નાગરિક બની શકે અને તેમનું ચરિત્ર નિર્માણ થઇ શકે.

સંત નિરંકારી મંડળનું એક ભવન ગાંધીનગર સેક્ટર-૩૦, શાંતિવન સોસાયટી સામે કાર્યરત છે. જ્યાં દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી જાહેર જનતાને સત્સંગનો લાભ નિયમિત પણે મળે છે. વધુમાં, દર બુધવારે અને ગુરૂવારે ઝીટીવી પર સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજનું પ્રવચન સવારે ૬.૦૦ થી ૬.૩૦ વાગે હોય છે. તેનો લાભ પણ અવશ્ય લેવા ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને નમ્ર નિવેદન છે.

વધુ સંપર્ક માટે કે. એ. ચુગ - ૨૩૨૨૪૫૬૬, લક્ષ્મી વાઘવાની - ૯૮૯૮૦૧૨૯૬૨, તેમજ વેબસાઇટ - જુઓ...

(વધુ આવતા અંકે...)

આપ અને અરવિંદ : યે ઈશ્ક નહિ આસાન... આગ કા દરિયા હે ઓર ડૂબ કે જાના હે!

કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

વર્ષ ૨૦૧૩ વિદાય ના આરે છે. દુનિયાભરના લોકો નોસ્ટાલ્જિક બની ઝૂમી રહ્યા છે. અખબારો, પત્રિકાઓ, ટીવી ચેનલો, સોશ્યલ મીડિયા.... નવા વરસ તરફ આગળ વધતા પહેલા પાછળ એક નજર નાખી રહ્યા છે. કોલ્ડ વેવ ઉત્તરી ગોળાર્ધ ને ધ્રુજાવી રહી છે... દુનિયાભર ના લોકો સળગતા તાપણાઓ અને હીટર-બંધ કમરાઓ ની હૂફ હથેળીઓ પર ઝીલતા બેઠા છે. કેટલીય ખબરો અને ખુશીઓ વ્યક્તિગત અને સાર્વજનિક જીવન માં આવી અને ગુદગુદાવીને, એક હેંગ-ઓવર આપી ને ચાલી ગઈ.

કેટલાય નામો ચર્ચાઓ અને ચમક માં રહ્યા...! મોદી, મંડેલા, મંગળયાન,મુઝઝફરનગર, ગુડ રોડ અને લંચબોક્સ , સચિન, સ્નોડેન અને જે નામ છેલ્લા બોલની સિક્સર જેવું હતું એ ...અરવિંદ ગોવિંદ કેજરીવાલ... આઝાદી ના બરોબર ૨૧ વરસ ને ૧ દિવસ પછી જન્મેલો આ માણસ ભારતીય રાજનીતિ માં શંખનાદ ફૂંકી ગયો! સંશય, શંકા, તર્ક-વિતર્ક , આરોપ-પ્રતિ-આરોપ... આ તમામ કોઠા ભેદી ને આ માણસ દિલ્હીના તખ્ત પર આસીન થશે...! ભારતીય લોકશાહી માં અંતિમ સત્તા હજી પણ લોકો પાસે છે...અને જનતાએ ભાષણો અને રેલીઓ માં બેવકૂફ બનાવતા નેતાઓ ને ધૂળ ચાટતા કરી દીધા અને કહી દીધું...સત્તાધીશ તમે નહિ અમે છીએ ...અમે તમને સત્તા સોપી છે! શાસક શબ્દ ખોટો છે..તમે પ્રશાસક છો!

રાજનૈતિક અનૈતિકતાથી ત્રાસેલા લોકો માટે અરવિંદ હીરો સાબિત થયા...! ચુનાવના પરિણામો આવ્યા ત્યારે એવું લાગ્યું જાણે આમ આદમી પાર્ટી છેલ્લા ૫૦ વરસો થી લડી રહી છે અને કોંગ્રેસ અગિયાર મહિના પહેલા ઉભી થયેલી કોઈ લોકલ પાર્ટી છે. લોકતંત્ર ની આ જ તો વિશેષતા છે અને ભારત માં લોકતંત્ર જીવિત છે એનો આ સબૂત. આ ઘટના પછી માત્ર મની અને મસલપાવર ના જોર પર ચૂંટણીઓ થાય છે એવું માનનારા એક લઘુમતી બની ગયા, આ ચુનાવ ના તો ધર્મ ના નામે કે નાં તો જાતિના નામે લડાયો ... ફક્ત એ જ મુદ્દા જે લોકહિતના હતા...જે રોજબરોજ ની ઝીંદગી ને સ્પર્શતા હતા તેના નામે લડાયો. પહેલી વાર એવું બન્યું કે કોઈ પાર્ટી નું ઘોષણાપત્ર પત્ર એ માત્ર ચુંટણી પુરતું છાપવાનું પેમ્ફલેટ, ફરફરિયું કે છાપા ની જગ્યાઓ રોકતી જાહેરાતો નાં બની રહી. પણ ચુનાવી અજેંડા નું કેન્દ્રબિંદુ બની ગઈ. વિરોધી પાર્ટીઓએ પોતાના સૂર બદલવા પડ્યા...ભારતીય રાજનીતિ નો એક બદલાતો ચેહરો બિલકુલ આંખ સામે જ ઝીલમીલ થઈ રહ્યો છે. વિરોધીઓ ના તમામ દાવપેચ લોકો ની વિચક્ષણ તાકાત અને 'આપ' સામે હારી ગયા! શું ભારતમાં પરિવર્તનની રાજનીતિની આ ઉદઘોષણા છે? ભાવિ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઝેડ કેટેગરીની સુરક્ષાનો ઈનકાર કરી દીધો અને આલિશાન મુખ્યમંત્રી નિવાસમાં રહેવાની ના પાડી દીધી. મુખ્યમંત્રી બન્યાના ૨૪ કલાકમાં દિલ્હીવાસીઓને ૭૦૦ લીટર સુધી મફત પાણી મળવાનું ચાલુ થઈ જશે. આલોચકો એ પાણીના બેફામ ઉપયોગ નો ડર બતાવ્યો તો કહી દીધું કે ૭૦૦ લીટરથી ઉપર પાણીનો વપરાશ કરનાર ને પૂરા પૈસા ચુકવવા પડશે અને આ નિયમ લોકોને જળ-સંચય વિષે વિશેષ સભાન બનાવશે!

આમ આદમી પાર્ટી ને એક અવસરવાદી જંતુ ગણી રહેલી અન્ય પાર્ટીઓ એ ચુનાવ પહેલા ન હતી એટલી ગંભીરતા અત્યારે દાખવી રહ્યું છે. એક નેચરલ પ્રોસેસથી બહુમત પ્રાપ્ત અથવા કહો કે વિધાનસભા ની ચુંટણીઓ માં ઉભેરેલી સિંગલ લાર્જેસ્ટ પાર્ટી પણ મુજવણ માં મૂકી ગઈ કે જાએ તો કિસ ઓર જાએ ...! તે પાર્ટી ના તે સમય ના અને અત્યાર ના વિધાનો માં સ્પષ્ટ વિરોધાભાસ છે, જે રાજનીતિના વિશેષ અભ્યાસ વિના પણ સમજી શકાય છે. પરિણામો પછી ના આરંભિક દોરમાં એ પાર્ટી આપ ને ભગોડા કહેતી હતી અને એ જ હવે તેને અવસરવાદ ની રાજનીતિ કહી ને વખોડી રહી છે. આપ-કોંગ્રેસ ભારતીય રાજનીતિ નું પહેલું એવું ગઠબંધન છે જેમાં લવ મરેજ નહિ પણ અરેંજ-મરેજ ની કડવાહટ છે. ના ઘરની ના ઘાટની રહેલી કોંગ્રસની દિશા જ સાવ બદલાઈ ગયેલી હોય એવું લાગી રહ્યું છે. દિલ્લીની ભીગી બિલ્લી બની ગયેલી કોંગ્રેસ પાર્ટી માં આત્મ-મંથન ની લાંબી સીઝન શરુ થઈ ગઈ છે... અને આપ ભાજપાઈ નેતાઓનું બ્લડપ્રેશર વધારી રહ્યા છે. લોકોને અરવિંદ પાસે જાદુગર જેવી અપેક્ષાઓ છે ...અને બાકીના તમામ ખંધા રાજકારણીઓને અરવિંદની નિષ્ફળતામાં પોતાના રાજનૈતિક ભવિષ્યની સુનિશ્ચિતતાઓ દેખાવા લાગ્યો છે.

જો અરવિંદ ગોવિંદ કેજરીવાલ, આઈ આઈ ટી ખડગપુર નો મેકેનીકલ એન્જિનયર, પૂર્વ આઈ.આર.એસ ઓફિસર, રમન મેગ્સેસે એવાર્ડ વિજેતા ...અને આપ નો સ્થાપક... નિષ્ફળ થઈ ગયો તો? અને જો સફળ થઈ ગયો તો?

જોનિષ્ફળ થઈ ગયો તો શું ભારતીય રાજનીતિ એક ઐતિહાસિક ક્ષણ ગુમાવી બેસશે? બીજો અરવિંદ પેદા થતા હજી કેટલા અન્યાયોની પૃષ્ઠભૂમિ એક આખી વ્યવસ્થાઓ એ ઉભી કરવી પડશે જેનો અન્યાય બોધ એક અરવિંદ પેદા કરી આપે.....

અને સફળ થઈ ગયો તો... કહેવાની જરૂર ખરી? ભારત નું લોકતંત્ર વધુ લોકતાન્ત્રિક બની જશે! ભ્રષ્ટાચાર ની સામે આમ આદમી ની તાકાત વધતી જશે.... આ પાર્ટી એ સત્તા માં આવ્યા પહેલા જ કેટલાય પ્રતિમાન સ્થાપિત કરી નાખ્યા હતા...આની પહેલા ચુનાવી ભંડોળ માં આટલી પારદર્શિતા ક્યારેય ન હતી અને આટલી ચર્ચા પણ!

પણ કેટલીય તાકતોને અરવિંદના રીપોર્ટ કાર્ડ પર લાલ પેનથી મોટા કુંડાળા માં 'ફેલ' લખવાની ઉતાવળ છે. લાલ ફીતાશાહી અને અફસરોની દુનિયા સાથે આ સરકારને કોઈ અનુભવ નથી અને

(અનુસંધાન પાના નં. ૬ પર)